

**પૂરનો પ્રકોપ:** કોલમ્બિયાના મોન્ટેરિયા ખાતે ભારે વરસાદ બાદ સિનુ નદીમાં આવેલા પૂરના પાણીમાંથી ઘરવખરી ભેગી કરી રહેલા સ્થાનિક લોકો. (એપી-પીટીઆઈ)

# વેપાર કરારમાં બાંગ્લાદેશને બખ્ખાં કરાવ્યા અમેરિકાએ

## ભારત કરતા સારી ડીલ: ટૅરિફ ૧૯ ટકા પણ બાંગ્લાદેશના ટેક્સટાઈલ ઉદ્યોગને ઝીરો ટૅરિફનો મોટો લાભ

ઢાકા: બાંગ્લાદેશે અમેરિકા સાથે એક મોટો વેપાર કરાર કર્યો છે, આ કરાર હેઠળ અમેરિકા બાંગ્લાદેશ પર ટૅરિફ ૧૯ ટકા કરવા તૈયાર થયું છે. ખાસ કરીને અમેરિકાના મટીરીયલનો ઉપયોગ કરીને ઉત્પાદિત થતા કાપડ અને વસ્ત્રોને ઝીરો ટૅરિફની છૂટ આપવામાં આવી છે, બાંગ્લાદેશ પણ અમેરિકા તેના બજારમાં પ્રવેશ આપવા તૈયાર થયું છે.

નોંધનીય છે કે ભારત અને અમેરિકા વચ્ચે ગત અઠવાડિયે વચગાળાનાં વેપાર કરાર પર સંમતિ સધાઈ હતી, જોકે સંપૂર્ણ કરાર પર હજુ સુધી હસ્તાક્ષર થયા નથી. અમેરિકાના વેપાર પ્રતિનિધિ જેમીસન ગ્રીરે જણાવ્યું હતું કે અમેરિકા સાથે રેસીપ્રોકલ ટ્રેડ ડીલ કરનાર પ્રથમ દક્ષિણ એશિયાઈ દેશ છે.

બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મોહંમદ યુનુસે જણાવ્યું કે જે અમેરિકાના કપાસ અને મેન-મેઈડ ફાઇબરથી બનેલા બાંગ્લાદેશી કાપડ અને વસ્ત્રો પર અમેરિકામાં શૂન્ય ટૅરિફ લાગશે.

યુનુસે જણાવ્યું હતું કે ગયા વર્ષે એપ્રિલથી માંડીને નવ મહિના સુધી વાટાઘાટો બાદ આ કરાર થયો છે.

અમેરિકાએ જણાવ્યું કે બાંગ્લાદેશ રસાયણો, તબીબી ઉપકરણો, મશીનરી, મોટર વેહિકલ અને પાર્ટ્સ, સોયા ઉત્પાદનો, ડેરી વસ્તુઓ, બીફ, ચીકન, બદામ અને ફળોનો જેવા યુએસ ઔદ્યોગિક અને કૃષિ ઉત્પાદનોને તેના બજારમાં પ્રવેશ આપવા સંમત થયું છે.

અમેરિકાએ વધુમાં જણાવ્યું કે બાંગ્લાદેશ અમેરિકાના વ્હીકલ સેફ્ટી એન્ડ એમિશન સ્ટાન્ડર્ડને સ્વીકારશે, યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન પ્રમાણપત્રોને માન્યતા આપશે અને રીમેન્યુફેક્ચર્ડ માલ પરના આયાત પ્રતિબંધો હટાવશે, આ ઉપરાંત ટૅરિફ સિવાયના અવરોધોને પણ હળવા કરશે. ■

# ન કયામત આવશે, ન બાબરી ફરી બનશે: યોગી

બારાબંકી: પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં બુધવારથી બાબરી મસ્જિદની પ્રતિકૃતિરૂપ મસ્જિદનું બાંધકામ શરૂ થવાનું છે. આનો હિંદુ સંગઠનોએ વિરોધ કરીને લખનઊથી સુધી કૂચ કરવાની જાહેરાત કરી છે. ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે પણ આ અંગે નારાજગી વ્યક્ત કરી છે. તેમજ બાબરી મસ્જિદનું માળખું દેશમાં ક્યારે ફરી બનાવવા દેવામાં નહીં આવે. યોગી આદિત્યનાથે કહ્યું કે, આ સરકાર જે કહે છે. અમે કહ્યું, 'રામ લલ્લા આવશે અમે આવીને ત્યાં મંદિર બનાવીશું.અમે આજે ફરીથી કહી રહ્યા છીએ કે કયામતનો દિવસ ક્યારેય નહીં આવે જ્યારે બાબરીના માળખાનું પુનઃ નિર્માણ ક્યારેય નહીં થાય. યોગી આદિત્યનાથે બારાબંકીમાં જાહેર સભાને સંબોધતા સ્પષ્ટ સંદેશ આપ્યો હતો. તેમણે કહ્યું કે કેટલાક લોકો તકવાદી વલણ અપનાવે છે. કટોકટી આવે ત્યારે તેઓ રામને યાદ કરે છે જ્યારે અન્ય લોકો તેમને ભૂલી જાય છે. તેથી ભગવાન રામ પણ તેમને ભૂલી ગયા છે. રામ ભક્તો પર ગોળીબાર કરનારા આ દેશદ્રોહીઓ માટે હવે કોઈ જગ્યા બાકી નથી. બાબરી માળખાનું સ્વપન જોનારાઓ માટે સ્વપન સાકાર થવાનો દિવસ ક્યારેય નહીં આવે. તેમજ ભારતમાં કાયદામાં રહેશો તો ફાયદામાં રહેશો.

યોગીએ કહ્યું કે કેટલાક લોકો જે વિકસિત ભારતની વિભાવનાને પચાવી શકતા નથી તેઓ કાવતરું ઘડી રહ્યા છે.૨૦૧૭ પહેલા પણ ઉત્તર પ્રદેશ અસ્તિત્વમાં હતું. કોઈ તહેવાર ઉજવી શકાતા નહોતા. દીકરીઓ, મંદિરો કે શાળાઓ સુરક્ષિત નહોતી. લોકોને રસ્તાઓ પર લૂંટવામાં આવતા હતા. કોઈપણ ગરીબ વ્યક્તિની જમીન પર અતિક્રમણ કરવામાં આવતું હતું. સુરક્ષા એ દરેક વ્યક્તિનો અધિકાર છે, અને કાયદો તોડનારાઓને એવી સજા કરવામાં આવશે કે સાત પેઢીઓ તેને યાદ રાખશે. ■

# કરપ્શન ઈન્ડેક્સમાં ભારત ૯૬માંથી હવે ૯૧મા ક્રમાંકે

નવી દિલ્હી: ભારતે કરપ્શન પર્સેપશન્સ ઈન્ડેક્સ (સીપીઆઈ) ૨૦૨૫માં પાંચ સ્થાન ઉપર જઈને ૧૮૨ દેશમાં ૯૧મું સ્થાન મેળવ્યું હતું.

ગયા વર્ષની સરખામણીમાં ભારતે એક પોઈન્ટ વધારે મેળવતા તેનો ક્રમાંક ૯૬ પરથી ૯૧મો થયો હતો.

બર્લિનસ્થિત એન્ટિકરપ્શનના વોચડોગે તેના અહેવાલમાં કહ્યું હતું કે એશિયા પેસિફિકમાં ભ્રષ્ટાચારવિરોધી પ્રગતિમાં ધીમો સુધારો છે, કારણ કે અનેક દેશોમાં ગયા વર્ષમાં લોકોનો આક્રોશ જોવા મળ્યો હતો.

ભ્રષ્ટાચારની નાબૂદીમાં મર્યાદિત પ્રગતિ જોવા મળી હોવા છતાં ૨૦૨૫નો આંક બતાડે છે કે ભ્રષ્ટાચાર એ વિશ્વના દરેક ભાગમાં એક ગંભીર ભય છે. નેતાઓએ સત્તાના દૂરુપયોગ અટકાવવાની સાથે લોકતાંત્રિક નિગરાણી અને સમતુલાને પાછી લાવીને સ્વતંત્ર સિવિલ સોસાયટી પરના હુમલા ઓછા કરવા જોઈએ.

સરકારવિરોધી દેખાવો બતાડે છે કે વિશ્વના અનેક ભાગોમાં લોકો બેજવાબદાર નેતૃત્વથી કંટાળી ગયા છે અને તેઓ સુધારા માગે છે.

હેવાલમાં કહેવામાં આવ્યું છે કે કરપ્શન પર રીપોર્ટિંગ આપતા પત્રકારો માટે ભારત જોખમી દેશ છે. પચાસથી ઓછો સ્કોર ધરાવતા બ્રાઝિલ (૩૫), ભારત (૩૯), મેક્સિકો (૨૭) અને પાકિસ્તાન (૨૮) અને ઈરાક (૨૮) કરપ્શન પર અહેવાલ આપતા પત્રકારો માટે જોખમી છે. વૈશ્વિક સરેરાશ ૪૨થી ઓછી છે અને બે તૃતીયાંશ દેશ ૫૦થી ઓછો સ્કોર ધરાવે છે.

ડેન્માર્ક ૮૯ના પોઈન્ટ સાથે મોખરે રહ્યું હતું. ત્યાર બાદ ફિનલૅન્ડ અને સિંગાપોરનો નંબર આવ્યો હતો. (એજન્સી)■



Theatrix

# ભારત રશિયાનું તેલ ખરીદવાનું શું ખરેખર બંધ કરશે?: હજી અસ્પષ્ટતા

વૉશિંગ્ટન: ભારત અને અમેરિકા ઐતિહાસિક વેપાર-કરાર પર સહી કરવાના અંતિમ તબક્કામાં છે, પરંતુ ભારત દ્વારા રશિયા પાસેથી ખનિજ તેલ ખરીદવાનું બંધ કરાશે કે ઓછું કરાશે અથવા ચાલુ રખાશે, તે અંગે હજી અસ્પષ્ટતા છે. નવી દિલ્હી હજી આ અંગે 'મગનું નામ મરી નથી પાડતું'.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે તાજેતરમાં ભારતથી આયાત કરાતા માલસામાન પરની ટૅરિફ ઘટાડીને ૧૮ ટકા કરવાની જાહેરાત કરી હતી, પરંતુ તેના માટે કારણ આપ્યું હતું કે ભારત મોસ્કો પાસેથી ખનિજ તેલ ખરીદવાનું બંધ કરવા સહમત થયું હોવાથી રશિયા - યુક્રેનનું યુદ્ધ બંધ કરવામાં મદદ મળશે.

ભારતના વિદેશ મંત્રાલયને આ બાબતમાં સ્પષ્ટતા કરવા વિનંતિ કરાઇ ત્યારે તેણે અસ્પષ્ટ જવાબ આપતા જણાવ્યું હતું કે ભારત સરકાર પોતાના ૧.૪ અબજ નાગરિકોના હિતને ધ્યાનમાં રાખીને સંબંધિત નિર્ણય લેશે. ભારત પોતાના ઊર્જા-સ્રોતોમાં વૈવિધ્ય લાવી રહ્યું છે.

અગાઉ, ભારત અને અમેરિકાએ એકબીજાના માલસામાનની આયાત પરની ડ્યૂટી ઘટાડવાની કે નાબૂદ કરવાની શનિવારે વચગાળાના વેપાર-કરારમાં જાહેરાત કરી હતી.

અમેરિકા ભારત ખાતેથી આયાત કરાતા અનેક માલસામાન પર પચાસ ટકાને બદલે હવે માત્ર ૧૮ ટકા ટૅરિફ લેશે. અમેરિકાએ ભારત ખાતેથી અમુક ચીજોની આયાત પરની ટૅરિફ શૂન્ય કરી છે, જ્યારે ભારતે અમેરિકાથી આયાત કરાતી કેટલીક ચીજ-વસ્તુઓને ડ્યૂટી કન્સેશન આપવાનો નિર્ણય લીધો હતો.

આમ છતાં, ભારતે પોતાના ડૅરી અને કૃષિ ક્ષેત્રના હિતને સંપૂર્ણ સુરક્ષિત રાખ્યું છે.

અમેરિકાએ ભારત ખાતેથી હીરા અને રત્નો, વિમાનના ભાગો, સ્માર્ટફૉન, તેજાના, ચા, કૉફી, નાળિયેર અને કોપરેલ તેલ, સોપારી, બ્રાઝિલ નટ, કાજુ, ચેસ્નટ, વૅજિટેબલ વૅક્સ, આવોકાડો, કેળાં, કેરી, અનાનસ, મશરૂમ્સ, બેકરીની અમુક પ્રૉડક્ટ્સ પરની ટૅરિફ નાબૂદ કરવાનો નિર્ણય લીધો હતો.

અમેરિકાથી ભારત ખાતે આયાત થનારા દારૂ: વાઇન્સ અને સ્પિરિટ્સ, ઇથેનોલના ઉત્પાદનની આડપેદાશ જેનો ઉપયોગ ઢોરો અને મરઘાં-બતકને ખવડાવવા થાય છે - ડ્રાઇડ ડિસ્ટિલર્સ ગ્રેન્સ, ઢોરોને ખવડાવવા માટેની લાલ જુવાર (રેડ સૉર્ગમ), સૂકો મેવો, સોયાબીન ઑઇલ, તાજા અને પ્રૉસેસ કરેલાં ફળો, કૉસ્મેટિક્સ, ઑર્ગેનિક અને ઇનઑર્ગેનિક કૅમિકલ્સ, અમુક તબીબી સાધનો, કમ્પ્યૂટર-આધારિત પ્રૉડક્ટસ પરની ડ્યૂટી ઘટાડવાનું નક્કી કર્યું છે. ■



KAAJAL ADS



Deepak Somaiya



Deepak Somaiya

# બાળકોના ગુમ થવા પાછળ દેશવ્યાપી નેટવર્ક કાર્યરત છે? તપાસ કરો: સુપ્રીમ

નવી દિલ્હી: દેશના વિવિધ વિસ્તારોમાંથી બાળકો ગુમ થવાની વધી રહેલી ઘટનાઓને ધ્યાન પર લઈને સુપ્રીમ કોર્ટે આ પાછળ કોઈ રાષ્ટ્રીય નેટવર્ક કે રાજ્યવ્યાપી ગ્રૂપ છે કે કેમ તેની ખાતરી કરવાનું કેન્દ્ર સરકારને મંગળવારે જણાવ્યું હતું.

ન્યાયાધીશ બી. વી. નાગરત્ન અને ઉજ્જલ ભૂયાનની બનેલી ખંડપીઠે આ પ્રકારની ઘટનાઓ પાછળ કોઈ ચોક્કસ પેટર્ન છે કે છૂટીછવાયી બનતી ઘટના છે તેની ખાતરી કરવાનું ભારપૂર્વક કહ્યું હતું અને તમામ રાજ્યો પાસેથી આ અંગેની માહિતી મેળવવા કેન્દ્ર સરકારને જણાવ્યું હતું.

કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરી રહેલાં એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીએ કહ્યું હતું કે અમુક રાજ્યોએ ગુમ થયેલાં બાળકો અંગેનો ડૅટા આપ્યો હતો, પરંતુ અન્ય ડઝનેક રાજ્યોએ આ અંગેનો ડૅટા હજુ સુધી નથી આપ્યો.

કેન્દ્ર સરકારને સંપૂર્ણ ડૅટા મળ્યા બાદ જ તેની સમીક્ષા કરી શકાય એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે અમે જાણવા માગીએ છીએ કે બાળકો ગુમ થવાની ઘટના પાછળ રાષ્ટ્રવ્યાપી નેટવર્ક છે કે રાજ્યવ્યાપી ગ્રૂપ છે.

આ પ્રકારની ઘટનાઓ માટે કોણ જવાબદાર છે તેની ખાતરી કરવા જે બાળકોને ઉગારી લેવામાં આવ્યા છે તેમની મુલાકાત લેવી જોઈએ. જે રાજ્યોએ હજુ સુધી આ અંગેના ડૅટા પૂરા નથી પાડ્યા તેમની વિરુદ્ધ ગંભીર પગલાં લેવાની ખંડપીઠે ચેતવણી આપી હતી.

ગુરિયા સ્વયં સેવી સંસ્થાન નામની બિનસરકારી સંસ્થા દ્વારા દાખલ કરવામાં આવેલી જનહિતની અરજીમાં દેશભરમાં બાળકો ગુમ થવાની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો હોવાની બાબત પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. (એજન્સી)■

# બાંગ્લાદેશમાં કતલ કરાયેલા હિન્દુના કુટુંબને વળતર અપાશે

ઢાકા: ગયા વરસે મ્યામેનસિંહમાં ટોળાં દ્વારા કરવામાં આવેલા હુમલામાં માર્યા ગયેલા દીપુ ચંદ્રા દાસના પરિવારજનો ઘરનું બાંધકામ કરી શકે તે માટે બાંગ્લાદેશની વચગાળાની સરકારે પચીસ લાખ ટાકા (બાંગ્લાદેશનું ચલણ)ની સહાયની જાહેરાત કરી હતી. બાંગ્લાદેશની ચૂંટણીના બે દિવસ અગાઉ આ જાહેરાત કરવામાં આવી હતી.

બાંગ્લાદેશના મ્યામેનસિંહ જિલ્લાના ભાલૂકા ઉપજિલ્લાસ્થિત સ્કવેર માસ્ટરબારી વિસ્તારમાં ૧૮ ડિસેમ્બરે ટોળાંએ દીપુ દાસ સાથે મારપીટ કરી તેને જીવતો સળગાવી દીધો હતો.

અહેવાલમાં જણાવ્યા અનુસાર ટોળાંએ દીપુદાસ પર કથિત અપમાનજનક ટિપ્પણી કરવાનો આક્ષેપ કર્યો હતો. દીપુદાસ સાથે મારપીટ કર્યા બાદ તેને બાંધી દઈ ઝાડ પર લટકાવી દઈ જીવતો સળગાવી દેવામાં આવ્યો હતો.

સરકારના જણાવ્યા અનુસાર દીપુદાસ પરિવારનો એકમાત્ર કમાતો સભ્ય હતો. સરકારે દીપુદાસના પરિવારના પુનર્વસન અને સહાયની ખાતરી આપી હતી. પરિવારજનો કાયમી નિવાસ માટે ઘર બાંધી શકે અને ભાવિ સુરક્ષા માટે સહાયના ભાગરૂપ પચીસ લાખ ટાકાની મદદની જાહેરાત કરવામાં આવી હતી. સરકાર દીપુના પિતા અને પત્નીને દસ લાખ ટાકા આપશે તેમ જ તેનાં બાળકોનાં ભવિષ્યની સુરક્ષા માટે પાંચ લાખ ટાકાની એફડી આપશે. (એજન્સી)■

# નેટફ્લિક્સ 'ઘૂસખોર પંડત' ફિલ્મનું નામ બદલી નાખશે

નવી દિલ્હી : નેટફ્લિક્સ ઈન્ડિયાએ મંગળવારે દિલ્હી હાઈ કોર્ટને જણાવ્યું હતું કે મનોજ વાજપેયીની ફિલ્મ 'ઘૂસખોર પંડત'નું નામ બદલવામાં આવશે.

'આક્રમક' અને 'બદનક્ષીભર્યા' નામને કારણે ફિલ્મની રિલીઝ અટકાવવાની અરજી હાથ ધરી રહેલા જસ્ટિસ પુરુશૈન્દ્રકુમાર કૌરવની આગળ નિવેદન કરતા નેટફ્લિક્સ ઈન્ડિયાએ આ નિવેદન કર્યું હતું.

જસ્ટિસ કૌરવે તેમના હુકમમાં કહ્યું હતું કે પ્રોડ્યુસરે ફિલ્મનું નામ 'ઘૂસખોર પંડત' બદલવાનો નિર્ણય લીધો છે આ નામ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી અને ફિલ્મના વિચાર અને હેતુનું પ્રતિબિંબ પાડતું નવું નામ ફિલ્મને આપવાની ખાતરી દેવામાં આવી છે. પ્રોડ્યુસર નીરજ પાંડેએ આ ફિલ્મના નિર્માતા છે.

નેટફ્લિક્સ ઈન્ડિયાના સિનિયર વકીલે કહ્યું હતું કે ફિલ્મનું સંપાદન થઈ રહ્યું છે અને આ કાલ્પનિક પોલીસ ડ્રામા છે તથા તેના નામને લીધે 'હેતુવિહોણા વિક્ષેપો' આવ્યા છે અને ફિલ્મના કન્ટેન્ટ સાથે નામનો મેળ પડતો નથી. અદાલતને કહેવામાં આવ્યું હતું કે ફિલ્મને પ્રમોટ કરતું બધું મટીરિયલ પાછું ખેંચવામાં આવ્યું છે.

નેટફ્લિક્સ ઈન્ડિયાના અભિગમને ધ્યાનમાં રાખીને અદાલતે અરજી પરની કાર્યવાહી બંધ કરી હતી. તેમણે એવું નિરીક્ષણ કર્યું હતું કે હવે આ બાબતમાં ન્યાય આપવા જેવો કોઈ મુદ્દો રહ્યો નથી. સોશ્યલ મીડિયા પર આના નામ સામે વિરોધ ઉઠાવાયો હતો. નામને જાતિકારક અને આક્રમક ગણાવવામાં આવ્યું હતું. ■

ભાવભરી શ્રધ્ધાંજલી

જન્મ : ૦૫.૧૨.૧૯૪૦



અરિહંત શરણ : ૦૮.૦૨.૨૦૨૬

**સ્વ. સેવંતિલાલ નથુભાઈ લાલચંદ મેહતા**

મોરબી નિવાસી, હાલ વડાલા (વેસ્ટ), મુંબઈ સ્થાનકવાસી જૈન

પરમ કૃપાળુ પરમાત્મા આપનાં આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

પત્નિ : સ્વ. કિર્તિદાબેન સેવંતિલાલ મેહતા
પુત્રી-પુત્ર : કુમારી રીના, ચિંતન મેહતા
પુત્રવધૂ : ધરતિ ચિંતન મેહતા પ્રેમાળ પૌત્ર : રોહન અને અમન
માતા-પિતા : સ્વ. પ્રાણકુંવર - સ્વ. નથુભાઈ લાલચંદ મેહતા
ભાઈ-ભાભી : સ્વ. હરસુખલાલ મેહતા - સ્વ. ગુણવંતીભાભી, સ્વ. ભાનુલાલ મેહતા - શ્રીમતી કુંજલતાભાભી, શ્રી. ગુણવંત મેહતા - શ્રીમતી સરલાભાભી
બહેન : સ્વ. કુસુમબેન હરીલાલ બોઘાણી, સ્વ. કુમુદબેન રવિકાંત ખોખાણી, સ્વ. સુશીલાબેન જયસુખલાલ પારેખ
સાસુ-સસરા : સ્વ. નીરૂબેન - સ્વ. નટવરલાલ હરજીવનદાસ દેસાઈ (હૈદ્રાબાદ)
વેવાઈ : શ્રીમતી ડો. મીરાબેન - સ્વ. દેવચંદ શામજી ધરમશી (માટુંગા)

મેહતા પરિવાર, દેસાઈ પરિવાર અને ધરમશી પરિવારનાં જય-જીનેન્દ્ર

ચિંતન મેહતા : +૧૨૮૧૨૦૨૯૪૨૧, ઈમેલ : mehtachintan@gmail.com
ધરતિ મેહતા : +૧૨૮૧૬૩૩૬૦૩૬, ઈમેલ : dhartimehta@gmail.com

પપ્પાની ઈચ્છા અનુસાર પ્રાર્થના સભા નથી રાખી.
લૌકિક વ્યવહાર અને સોગ બંધ રાખેલ છે.

જન્મ: ૨૫-૧૨-૧૯૪૮



સ્વર્ગવાસ: ૦૮-૦૨-૨૦૨૬

ઉના નિવાસી હાલ મલાડ(મુંબઈ), સ્વ. મૂળીબેન ગીરધરલાલ જોશી ના સુપુત્ર

**સ્વ. પ્રવિણચંદ્ર ગીરધરલાલ જોશી**

| | |
|---|---|
| પત્ની | : ઉષાબેન જોશી |
| પુત્ર-પુત્રવધુ | : મેહુલ- ભક્તિ |
| દીકરી- જમાઈ | : રક્ષા-ગૌરાંગ, પૂજા- પ્રતિક |
| પૌત્ર-પૌત્રી | : રૂચા, તનિશા, સુજય, વિરાજ, વિવાન |
| ભાઈ-ભાભી | : સ્વ. ઉમાશંકરભાઈ અને સ્વ. ઉષાબેન<br>સ્વ. મોહનભાઈ અને સ્વ. પુષ્પાબેન<br>સ્વ. રમણીકભાઈ અને ગં.સ્વ. રસીલાબેન<br>સ્વ. મનસુખભાઈ અને સ્વ. ચંદનબેન<br>શ્રી રસિકભાઈ અને શ્રીમતી શોભનાબેન |
| બેન-બનેવી | : સ્વ. પ્રાણકુંવરબેન અને સ્વ. વજેશંકર પુરોહિત<br>ગં.સ્વ. ચંદ્રિકાબેન અને સ્વ.પ્રાણશંકર જોશી |
| સાસરાપક્ષ | : સ્વ. ચંપકલાલ ભાણજી જોશી (સનવાવ) |
| વેવાઈ | : શ્રી કિરણભાઈ પંડ્યા, સ્વ. મહેન્દ્રભાઈ ઉપાધ્યાય<br>શ્રી ચંદ્રહાસભાઈ દેસાઈ |

પ્રાર્થના સભા

તા. ૧૩-૦૨-૨૦૨૬ ને શુક્રવાર સમય: સાંજે ૫ થી ૭

IMA Hall, ગુરુનાનક રોડ, PVR ની બાજુમાં, જુહુ, સાંઈનાથ નગર, વિલે પાર્લે (વેસ્ટ), મુંબઈ- ૪૦૦ ૦૪૯.

મેહુલ કલર્સ લિમિટેડ




# મોદીની ડિગ્રી: હાઈ કોર્ટે યુનિવર્સિટીને ત્રણ અઠવાડિયાનો સમય આપ્યો

નવી દિલ્હી: દિલ્હી હાઈ કોર્ટે મંગળવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની બેચલર ડિગ્રીની વિગતો જાહેર ન કરવાના હુકમ સામેની અપીલ નોંધાવામાં થયેલા વિલંબ સામેના વાંધા નોંધાવવા દિલ્હી વિદ્યાપીઠને ત્રણ અઠવાડિયાનો સમય આપ્યો હતો. યુનિવર્સિટી તરફથી રજૂઆત કરતાં સોલિસિટર જનરલ તુષાર મેહતાએ દલીલ કરી હતી કે આ બાબતમાં કશું નથી અને સનસનાટી ફેલાવવા આનો ઉપયોગ થાય છે. તેમણે સિંગલ જજના ઓગસ્ટ ૨૦૨૫ના હુકમને પડકારતી અપીલ નોંધાવામાં થયેલા વિલંબ સામેના વાંધા અને અપીલની ગુણવત્તા પર અરજી નોંધાવવા ત્રણ અઠવાડિયાનો સમય માગ્યો હતો.

મુખ્ય ન્યાયમૂર્તિ ડી. કે. ઉપાધ્યાય અને જસ્ટિસ તેજસ કારિયાની બેન્ચે વિલંબ માફ કરવાની અરજી પર વાંધો ઉઠાવવા ત્રણ અઠવાડિયાનો સમય આપ્યો હતો. હવે આ બાબતની સુનાવણી ૨૭ એપ્રિલે થશે. અરજદાર વતી દલીલ કરતા સિનિયર વકીલે કહ્યું હતું કે અપીલ કરવામાં વિલંબ પર વાંધા રજૂ કરવા દિલ્હી વિદ્યાપીઠને અદાલતે પરવાનગી આપ્યાને અઢી મહિના થયા હોવા છતાં એ વાંધા નોંધાવામાં આવ્યા નથી. ■

# મથુરામાં એક જ પરિવારના પાંચ સભ્યની આત્મહત્યા

મથુરા: મથુરાના ખાપરપર ગામમાં મંગળવારે એક દંપતી અને તેમનાં ત્રણ બાળક સહિત પાંચ જણનાં મૃતદેહ ઘરમાંથી મળી આવ્યા હોવાનું પોલીસે કહ્યું હતું. આ સામૂહિક આત્મહત્યાની ઘટના હોવાની પોલીસને શંકા છે. ઘટનાસ્થળેથી પોલીસને સ્યૂસાઈટ નૉટ મળી આવી હતી. ઘરની દીવાલ પર સંદેશો લખેલો હોવા ઉપરાંત પરિવારના વડીલ દ્વારા લેવામાં આવેલો વીડિયો પણ મોબાઈલ ફોન પર મળી આવ્યો હતો, એમ પોલીસે કહ્યું હતું. મથુરાના સિનિયર સુપરિન્ટેન્ડન્ટ ઑફ પોલીસ શ્લોકકુમારે કહ્યું હતું કે મૃતકોને મનિષકુમાર (૩૫), તેની પત્ની (૩૨), બે પુત્રી હની (૦૮) અને પ્રિયાંશી (૦૫) તેમ જ પુત્ર પ્રતીક (૦૩) તરીકે ઓળખી કાઢવામાં આવ્યા હતા. આ તમામ તેમનાં ઘરનાં રૂમમાં મૃત અવસ્થામાં મળી આવ્યા હતા. સ્યૂસાઈટ નૉટમાં મનિષકુમારે લખ્યું હતું કે અમે સ્વેચ્છાએ જીવનનો અંત આણી રહ્યા છીએ અને આ માટે અન્ય કોઈ જવાબદાર નથી. (એજન્સી)■

